નં.સીબી/એલએનડી/ધરમપુર/વશી.૧૯૫૯/૨૦૧૪
કલેક્ટર કચેરી,વલસાડ
વલસાડ, તારીખ:૧૮/૧૧/૨૦૧૪

**વંચાણમાં લીધું :–**

(૧) પ્રાયોજના વહીવટદારશ્રી, વલસાડનાં પત્ર નં.પ્રાયો/વલ/ તાલિમ/વશી ૧૭૬૧૦–૨૦/૧૩, તા.૦૩/૧૨/૨૦૧૩
(૨) મામલતદારશ્રી, ધરમપુરનાં શેરાપત્ર નં.જમન/વશી ૨૨૨/૧૪, તા.૧૦/૦૨/૨૦૧૪ (૨) નં.એલએનડી/વશી ૨૮૬/૨૦૧૪, તા.૨૮/૦૨/૨૦૧૪ (૩) નં.જમન/વશી ૬૮૯/૨૦૧૪, તા.૦૧/૦૭/૨૦૧૪ (૪) નં.જમન/વશી ૯૧૭/૨૦૧૪, તા.૧૯/૦૮/૨૦૧૪
(૩) નાયબ કલેક્ટરશ્રી,ધરમપુરનાં શેરાપત્ર (૧) નં.એલએનડી/વશી ૮૭૨/૨૦૧૪, તા.૩/૩/૨૦૧૪ (૨) નં.જીન/એકલવ્ય/વશી /૨૦૧૪, તા.૦૨/૦૭/૨૦૧૪ (૩) નં.જમન/વશી ૨૦૯/૨૦૧૪, તા.૨૦/૦૮/૨૦૧૪
(૪) અત્રેની કચેરીનાં હુકમ નં.સીએચ/એલએનડી/ વશી ૩૭૬૩–૬૯/૦૮, તા.૬/૧૧/૨૦૦૮
(૫) અત્રેની કચેરીનાં હુકમ નં.સીએચ/એલએનડી/વશી ૨૦૮૫–૯૨/૯૪, તા.૩૦/૦૪/૧૯૯૪
(૬) પ્રાયોજના વહીવટદારશ્રી, વલસાડનાં પત્ર નં.પ્રાયો/વલ/તાલિમ/વશી ૭૩૬૫–૬૯/૨૦૧૪, તા.૨૬/૦૬/૨૦૧૪
(૭) અત્રેની કચરીની દરખાસ્ત (૧) પત્ર નં.સીબી/એલએનડી/વશી ૪૬૦/૨૦૧૪, તા.૦૩/૦૪/૨૦૧૪ (૨) નં.સીબી/એલએનડી/વશી ૧૧૭૨/૨૦૧૪, તા.૦૪/૦૭/૨૦૧૪ (૩) નં.સીબી/એલએનડી/વશી ૧૫૦૬/૨૦૧૪, તા.૨૭/૦૮/૨૦૧૪
(૮) સરકારશ્રીનાં મ.વિ.નાં પત્ર ક્ર:જમન/૨૧૧૪/૧૧૭૯/ગ, તા.૨૪/૦૯/૨૦૧૪
(૯) ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૧૦૮(૪) ની જોગવાઈઓ.
(૧૦) ગુજરાત જમીન મહેસુલ નિયમ–૧૯૭૨ ના વહીવટી હુકમ નંબર–૩ ની જોગવાઈઓ.

**વહીવટી હુકમ :–**

(૧) આમુખ–(૧) માં દર્શાવેલ પ્રાયોજના વહીવટદારશ્રી, વલસાડનાં પત્રથી મોજે.ધરમપુરનાં સ.નં.૬૨૯/અ/૧/પૈ.૧ ક્ષેત્રફળ હે.૫૭–૪૩–૩૪ ચો.મી. વાળી જમીન પૈકી એ.૧૦.૦૦ ગુંઠા જમીન એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ માટે, એ.૧૦.૦૦ ગુંઠા જમીન લોલીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ધરમપુર માટે તથા એ.૧૦.૦૦ ગુંઠા જમીન વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે મળી કુલ એ.૩૦.૦૦ ગુંઠા જમીન ફાળવવા માંગણી કરેલ છે.

(૨) પ્રશ્નવાળી જમીન ફાળવવા બાબતે મામલતદારશ્રી, ધરમપુર અને નાયબ કલેક્ટરશ્રી, ધરમપુરને તપાસ કરી અહેવાલ મોકલવા જણાવેલ છે. જે કામે મામલતદારશ્રી ધરમપુર અને નાયબ કલેક્ટરશ્રી, ધરમપુરએ અનુક્રમે આમુખ–(૨) અને (૩) માં દર્શાવેલ પત્રથી જણાવેલ છે કે, મોજે.ધરમપુરનાં સ.નં.૬૨૯/અ/૧/પૈ.૧ ક્ષેત્રફળ હે.૫૭–૪૩–૩૪ ચો.મી. વાળી જમીન ગૌચર હેડે ચાલે છે. સ્થળે જમીન ખુલ્લી છે. કોઈ દબાણ નથી. અને સ.નં.૬૨૯/પૈકી ફોરેસ્ટની ડુંગરી સુધીની જગ્યા સ્થળે ખુલ્લી છે. આ જમીન પૈકી ધરમપુરથી નાશિક રોડની પૂર્વ દિશામાં કા.ઈ.શ્રીને આમુખ–(૫) માં દશાવેલ અત્રેનાં હુકમથી હે.૩–૩૮–૩૩ ચો.મી. જમીન હેલીપેડ, એપ્રોચ રોડ, મીટીગ હોલ, સ્ટાફ ક્વાટર્સ અને રેસ્ટ હાઉસ માટે ફાળવવામાં આવેલ છે. જે હાલે સ્થળે ખુલ્લી છે. કોઈ પણ પ્રકારનું બાંધકામ કે અન્ય કોઈ રીતે વપરાયેલ નથી તથા આમુખ–(૪) માં દર્શાવેલ અત્રેનાં હુકમથી આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે હે.૮–૦૦–૦૦ ચો.મી. જમીન ફાળવવમાં આવેલ છે. જે હેતુ માટે સ્થળે ઉપયોગ કરવામાં આવેલ ન હોય સદર જમીન પરત મેળવી તથા સ્થળે ખુલ્લી જમીનની માપણી કરી માંગણી મુજબ ફાળવવા નાયબ કલેક્ટરશ્રી, વલસાડએ વાંધા હરકત નથી. તેમ જણાવેલ છે.પરંતુ પ્રશ્નવાળી જમીન ગૌચર સદરે ચાલે છે જે કામે અન્ય ગૌચરમાં થનાર ઘટ પુરી કરવા અન્ય સરકારી પડતર/ખરાબાની જમીન ગૌચર તરીકે નીમ કરવા બાબતે દરખાસ્ત

મોકલવા જણાવતાં મામલતદારશ્રી અને નાયબ કલેકટરશ્રીએ જણાવેલ છે કે, હાલ ગામે ઢોરોની સંખ્યાને ધ્યાને લેતાં ગૌચરનું પ્રમાણ ઓછું છે પરંતુ અન્ય સરકારી પડતર જમીન નાના-નાના ટુકડાઓ, ખાડા ટેકરા અને રસ્તા વહેડા વિગેરે આવેલ હોઈ, ગૌચર તરીકે નીમ કરી શકાય તેમ નથી. તેમ જણાવેલ છે. મામલતદારશ્રી, ધરમપુર અને નાયબ કલેકટરશ્રી, ધરમપુરએ અરજદારશ્રીને માંગણી મુજબ જમીન ફાળવી આપવા અભિપ્રાય આપેલ છે.

(૩) આમુખ-(૬) માં દર્શાવેલ પ્રાયોજના વહીવટદાશ્રી, વલસાડએ તેમનાં પત્રથી જણાવેલ છે કે, એકલવ્ય મોડેલ રેસીડેંસિયલ સ્કૂલ અને લોલીટરસી ગર્લ્સ રેસિડેંસિયલ સ્કૂલ G.S.T.D.R.E.I. સોસાયટી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે માન.મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજયનાં અધ્યક્ષપણા હેઠળ હાઈ પાવર કમિટી, સ્ટેટ લેવલ, આદિજાતિ વિકાસ વિભાગ, ગુ.રા. દ્વારા મંજુર કરવામાં આવેલ છે. જે મુજબ ત્રણ સંસ્થાઓ માટે ૩૦ એકર જમીન ફાળવવાની થાય છે. તેમ જણાવેલ છે.

(૪) પ્રશ્નવાળી જમીનનું ક્ષેત્રફળ જોતાં સરકારશ્રીનાં અધિકારમાં આવે છે તથા સદર જમીન ગૌચર સદરે ચાલે છે. નામ.સુપ્રિમકોર્ટના તા.૨૮/૧/૨૦૧૧ ના ચુકાદા અન્વયે ગૌચરની જમીન ખાનગી વ્યક્તિ કે વ્યાપારી સાહસોને ફાળવી શકાય નહિ, પરંતુ પેરા-૨૨ મુજબ અપવાદરૂપ કિસ્સામાં જાહેર ઉપયોગ માટે જમીન ફાળવી શકાય તેમ હોઈ, આમુખ-(૭) માં દર્શાવેલ અત્રેની કચેરીનાં પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત સાદર કરવામાં આવેલ હતી.

(૫) ઉપરોક્ત વિગતે આમુખ-(૮) માં દર્શાવેલ સરકારશ્રીનાં મ.વિ.નાં પત્રથી જણાવેલ છે કે, નાયબ કલેકટરશ્રી, વલસાડે આપેલ અભિપ્રાય મુજબ પ્રશ્નવાળી જમીન પૈકી અત્રેના તા.૦૬/૧૧/૨૦૦૮ નાં હુકમથી આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે હે.૮-૦૦-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે તે તથા સ.નં.૬૨૯ પૈકી હે.૩-૩૮-૩૩ ચો.મી. જમીન કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ, વલસાડને હેલીપેડ, એપ્રોચ રોડ, મીટીગ હોલ, સ્ટાફ કવાટર્સ અને રેસ્ટ હાઉસ માટે ફાળવવામાં આવેલ છે. જે હેતુ માટે સ્થળે ઉપયોગ કરવામાં આવેલ ન હોઈ, સદર જમીન પરત મેળવી તથા સ્થળે ખુલ્લી જમીનની માપણી કરી માંગણી મુજબ મોજે.ધરમપુર, તા.ધરમપુરનાં સ.નં.૬૨૯/અ/૧પૈકી ૧ વાળી ગૌચર સદરની જમીન પૈકી એ.૧૦.૦૦ ગુંઠા જમીન એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ માટે, એ.૧૦.૦૦ ગુંઠા જમીન લોલીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ધરમપુર માટે તથા એ.૧૦.૦૦ ગુંઠા જમીન વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે મળી કુલ એ.૩૦.૦૦ ગુંઠા જમીન પ્રાયોજના વહીવટદારશ્રી, વલસાડને ફાળવવા ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના વહીવટી હુકમ-૩ હેઠળ અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગને તબદીલ કરવા માટે મંજુરી આપવામાં આવે છે. તેમ જણાવેલ છે તથા જણાવેલ છે કે, ઉપરોકત વિગતે જમીન ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના વહીવટી હુકમ-૩ હેઠળ અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગને તબદીલ કરવા માટે જરૂરી કાર્યવાહી/ચકાસણી કલેકટરશ્રી, વલસાડએ કરવાની રહેશે.

સબબ : મોજે.ધરમપુરનાં સ.નં.૬૨૯/અ/૧/પૈ.૧ ક્ષેત્રફળ હે.૫૭-૪૩-૩૪ ચો.મી. વાળી જમીન પૈકી હે.૩-૩૮-૩૩ ચો.મી. જમીન જે અગાઉ આમુખ-(૫) માં દશાવેલ અત્રેનાં હુકમથી કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગને ફાળવવામાં આવેલ હતી તથા હે.૮-૦૦-૦૦ ચો.મી. જમીન જે અગાઉ આમુખ-(૪) માં દશાવેલ અત્રેનાં હુકમથી પ્રાયોજના

વહીવટદારશ્રી, વલસાડને ફાળવવામાં આવેલ હતી. જે જમીન ફાળવણીનાં આમુખ- (૪) અને (૫) નાં હુકમો રદ કરી મોજે.ધરમપુરનાં સ.નં.૬૨૯/અ/૧/પૈ.૧ ક્ષેત્રફળ હે.૫૭-૪૩-૩૪ ચો.મી. વાળી જમીન પૈકી એ.૩૦.૦૦ ગુંઠા ગૌચરની જમીન આમુખ-(૯) માં દર્શાવેલ ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૦૮(૪) હેઠળ ગૌચર સદરેથી કમી કરી સરકારી પડતર હેડે દાખલ કરી એ.૧૦.૦૦ ગુંઠા જમીન એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ માટે, એ.૧૦.૦૦ ગુંઠા જમીન લોલીટરસી ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ, ધરમપુર માટે તથા એ.૧૦.૦૦ ગુંઠા જમીન વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર માટે માટે મળી કુલ એ.૩૦.૦૦ ગુંઠા જમીન આમુખ-(૮) માં દર્શાવેલ સરકારશ્રીનાં મ.વિ.નાં પત્રથી મળેલ મંજુરી મુજબ આમુખ-(૧૦) માં દર્શાવેલ ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ ના વહીવટી હુકમ નં.૩ નીચે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ શરતોને આધીન સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગને તબદીલ કરવા આથી હુકમ કરવામાં આવે છે અને સદરહુ જમીન પ્રાયોજના વહીવટદાશ્રી, વલસાડને હવાલે મૂકવામાં આવે છે.

શ ર તો :-

(૧) સવાલવાળી જમીન "શ્રી સરકાર" તરીકે ચાલું રહેશે. બીજા હકકમાં આદિજાતિ વિકાસ વિભાગનું નામ દર્શાવવાનું રહેશે.

(૨) પ્રશ્નવાળી જમીન જે હેતુ માટે તબદીલ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૩) સવાલવાળી જમીન કલેકટરશ્રીની પૂર્વ મંજુરી સિવાય કોઈપણ પ્રકારે તબદીલ કે હેતુફેર કરી શકાશે કે ભાગલા પાડી શકાશે નહિ.

(૪) પ્રશ્નવાળી જમીનમાં બાંધકામ છ માસમાં શરૂ કરીને બે વર્ષમાં પુરૂ કરી નિર્દિષ્ટ હેતુ માટે ઉપયોગ શરૂ કરવાનો રહેશે તથા પ્રવર્તમાન જોગવાઈ અનુસાર કરવાનું રહેશે.

(૫) સદરહુ જમીન પૈકી ખુલ્લી જમીનની માપણી ડી.આઈ.એલ.આર.શ્રી,વલસાડ પાસે સરકારી રાહે કરાવીને મામલતદારશ્રી,ધરમપુર મારફતે કબજો મેળવી બાંધકામના નકશા મંજુર કરાવીને બાંધકામ કરવાનું રહેશે.

(૬) સવાલવાળી જમીનનો કબજો આપવાની કાર્યવાહી મામલતદારશ્રી,ધરમપુરએ પૂર્ણ કરી કબજા પાવતી મેળવી લેવાની રહેશે અને અત્રે મોકલવાની રહેશે.

(૭) સવાલવાળી જમીનની જાળવણી કરવાની તથા તેનો કબજો સુપ્રત થયા બાદ ભવિષ્યમાં જો કોઈ દબાણ ઉપસ્થિત થાય તો તે અંગેની તમામ જવાબદારી પ્રાયોજના વહીવટદાશ્રી, વલસાડની રહેશે.

(૮) જો સવાલવાળી જમીનમાં ઝાડો આવેલ હોય તો તે અંગે સક્ષમ અધિકારી પાસેથી સત્વરે કિંમત નકકી કરાવી તે કિંમત સરકારશ્રીમાં જમા કરાવી મૂળ ચલણ અત્રે રજુ કરવાનું રહેશે.

(૯) જો અન્ય કોઈ સત્તાધિશની પરવાનગી મેળવવાની થતી હશે તે મેળવી લેવાની રહેશે.

(૧૦) ઉપર્યુકત શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો ફાળવવામાં આવેલ જમીન આપવાનો હુકમ રદ કરીને ઈમલા સહિત જમીનનો કબજો વિના વળતરે સરકાર તરફે પરત સંભાળવામાં આવશે.

સહી/-
(ડો.વિક્રાંત પાંડે)
કલેકટર વલસાડ

રવાના કર્યુ

કલેકટર વલસાડ વતી

પ્રતિ,
પ્રાયોજના વહીવટદારશ્રી,
વલસાડ, જિ.વલસાડ

**<u>નકલ જયભારત સહ રવાના :-</u>**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, વલસાડ તરફ જાણ સારૂ.
(૨) નાયબ કલેકટરશ્રી, વલસાડ તરફ જાણ સારૂ.
(૩) નાયબ કલેકટરશ્રી, ધરમપુર તરફ જાણ તેમજ મામલતદારશ્રી, ધરમપુર મારફતે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સારૂ.
(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વલસાડ તરફ જાણ સારૂ.

**<u>નકલ રવાના :-</u>**

(૧) મામલતદારશ્રી, ધરમપુર તરફ પ્રશ્નવાળી જમીનનો કબજો આપી ઈ-ધરા કેન્દ્રમાં નોંધ પાડી સનદ પણ નિયત નમુનામાં તૈયાર કરી મોકલવા સારૂ.
(૨) નાયબ મામલતદારશ્રી, ઈ-ધરા કેન્દ્ર, મામલતદાર કચેરી, ધરમપુર તરફ ગામના નમુના નં.૬ માં નોંધ કરવા સારૂં.
(૩) જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર ખાતુ, વલસાડ તરફ
   ૨/-- સવાલવાળી જમીનની સરકારી રાહે માપણી કરવા સારૂં.
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વલસાડ તરફ જાણ સારૂ.
(૫) તલાટી કમ મંત્રીશ્રી, ધરમપુર કસ્બા, તા.ધરમપુર, જિ.વલસાડ તરફ જાણ સારૂં.

**<u>નકલ સવિનય રવાના :-</u>**

(૧) નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.
(૨) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.
(૩) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, બ્લોક નં.૧૧, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ.

**<u>નકલ</u>** :- માસ્ટર ફાઈલે.